RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 303* Date: 30.08.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### જમ્મુ-કાશ્મીરમાં મોટા હુમલાની ગુપ્તચર એજન્સીઓની ચેતવણી

# અલ-કાયદા, આઈએસ-કે અને હક્કાની નેટવર્ક કાશ્મીર પર હુમલાની ફિરાકમાં



નવી દિલ્હી, તા. ૨૯

કાબુલ એરપોર્ટ પર હુમલો કર્યા પછી આતંકી જૂથોની નજર હવે ભારત તરફ મંડાઈ છે. અલ-કાયદા, આઈએસ-ખોરાસન અને હક્કાની નેટવર્કની તિકડી દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હુમલાનું કાવતરું ઘડી રહી હોવાની ગુપ્તચર વિભાગે એલર્ટ જાહેર કરી છે. એલર્ટમાં કહેવાયું છે કે કુખ્યાત આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રોવિન્સ, અલકાયદા ઈન ઈન્ડિયન સબકોન્ટિનન્ટ (એક્યુઆઈએસ) અને હક્કાની નેટવર્કથી ભારતે સાવધ રહેવાની જરૂર છે. આ સંગઠનો ભારતમાં કોઈ મોટા હુમલાની ફિરાકમાં છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન આધારિત આ આતંકી સંગઠનો પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈની મદદથી ભારત વિરુદ્ધ કાવતરું રચી રહ્યા છે. હકીકતમાં અફઘાનિસ્તાનની કથળતી સલામતી સ્થિતિ અને આઈએસઆઈના વિવિધ આતંકી સંગઠનો સાથે સંડોવણીને પગલે દેશની તમામ ગુપ્તચર સંસ્થાઓ હાલ આ તરફ ચાંપતી નજર રાખી રહી છે. ગુપ્તચર એકમોને જાણવા મળ્યું છે કે આતંકી સંગઠનો મારફત આઈએસઆઈ કાવતરું રચી રહ્યું છે.

તેનો આશય આ સંગઠનોના આતંકીઓ મારફત દેશમાં હુમલાનું કાવતરાંનો અમલ કરવાનો છે. આ તિકડીના આતંકીઓના નિશાના પર મહત્વપૂર્ણ સિક્યોરિટી ઈન્સ્ટોલેશન અને આર્મીની ફોરવર્ડ પોસ્ટ છે. આ સિવાય આતંકીઓ જવાનોને પણ નિશાન બનાવી શકે છે. આ ગુપ્ત એલર્ટ દેશની સરહદીય સલામતી સાથે સંકળાયેલી એજન્સીઓ સહિત તમામ અન્ય સલામતી એજન્સીઓને મોકલાઈ છે. સુરક્ષા એજન્સીઓને જાણવા મળ્યું છે કે આતંકી સંગઠનોની આ તિકડી મેસેજિંગ એપ મારફત તેમના સભ્યોના સંપર્કમાં છે. તેમનો આશય સુરક્ષા એજન્સીઓની નજરમાં આવતા બચવાનો છે.

અલ-કાયદા ઈન ઈન્ડિયન સબકોન્ટિનન્ટ જૂથ અલ-કાયદાથી અલગ થઈને કામ કરે છે. તેની સ્થાપના પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પાસે કરાઈ છે. તેના કેટલાક આતંકીઓને સીરિયા પણ મોકલાયા હતા. ગુપ્તચર એજન્સીના અહેવાલ મુજબ આ સંગઠનને આઈએસઆઈનો સંપૂર્ણ સહયોગ છે.ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રોવિન્સ ઈસ્લામિક સ્ટેટનું જ એક જૂથ છે, જે અફઘાનિસ્તાનમાં કામ કરે છે. એજન્સીના અહેવાલો મુજબ આ સંગઠનમાં મોટાભાગે પાકિસ્તાની આતંકીઓ સામેલ છે. ઈસ્લામિક સ્ટેટ સંગઠન આઈએસઆઈએસ-કે નામથી પણ કુખ્યાત છે. તેની પાસે ૧૫૦૦થી ૨૨૦૦ જેટલા આતંકીઓ હોવાનો અંદાજ છે. તેની સ્થાપના પણ પાકિસ્તાન અફઘાનિસ્તાન સરહદ પાસે થઈ હતી. હક્કાની નેટવર્ક પાસે મોટા હુમલાઓ કરવા માટે આતંકીઓ છે. આ આતંકીઓ વિસ્ફોટક ડિવાઈસીસ અને રોકેટ બનાવવામાં પણ સક્ષમ છે. અલ-કાયદા સાથે તેના સંબંધો સારા છે.

દરમિયાન અફઘાનિસ્તાનમાં તાલિબાનો સત્તા પર આવ્યા પછી સરહદપાર આતંકીઓની એક્ટિવિટી વધી ગઈ છે. ગુપ્તચર એજન્સીઓ તેને મોટા ખતરારૂપે જોઈ રહી છે. દેશની ગુપ્તચર એજન્સીઓએ જમ્મુ-કાશ્મીરમાં મોટા આતંકી હુમલા અંગે એલર્ટ પણ આપી છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે ભારતે કોઈપણ અપ્રિય સ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ. જમ્મુ-કાશ્મીરમાં હુમલાઓ કરતા જૈશ-એ-મોહમ્મદ સંગઠને ભારતમાં ખાસ કરીને જમ્મુ-કાશ્મીરમાં હુમલા માટે તાલિબાનોનો સહયોગ માગ્યો છે.

દરમિયાન સંરક્ષણ વિભાગના નિષ્ણાતોનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોનું શાસન આવતા આતંકી સંગઠનો ઈસ્લામિક સ્ટેટ (આઈએસ), અલ કાયદા મજબૂત બનશે. સંરક્ષણ નિષ્ણાક પીકે સહેગલે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં તાલિબાનોના આગમન પછી આઈએસ મોટાપાયે તેની સ્થિતિ મજબૂત કરશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. અમેરિકા અને નાટોને પણ અફઘાનિસ્તાનમાં આઈએસ અને અલકાયદાના મજબૂત થવાની આશંકા છે. આ સંગઠનો અફઘાનિસ્તાન અને અન્ય દેશોમાં શાંતિ અને સ્થિરતા માટે મોટું જોખમ બનશે. બધા જ દેશોએ એક થઈને તેમનો સામનો કરવો જોઈએ. અન્ય એક સંરક્ષણ નિષ્ણાત કેપ્ટન અનિલ ગૌરે આગામી દિવસોમાં અફઘાનિસ્તાનમાં તાલિબાનો સામે નાગરિકોના સંઘર્ષની આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું અમરુલ્લાહ સાલેહે પોતાને બંધારણ મુજબ કાર્યવાહક રાષ્ટ્રપતિ જાહેર કર્યા હોવાથી આગામી દિવસોમાં અફઘાનિસ્તાનમાં ગૃહયુદ્ધની આશંકા છે. ત્યાં શું થશે તે કોઈ કહી શકે તેમ નથી. પણ એટલું નિશ્ચિત છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના શાસનથી ભારત સહિત એશિયામાં શાંતિ અને સ્થિરતા પર જોખમ ઊભું થયું છે.

## જરૂર પડી તો ભારત આતંકવાદીઓને તેમના ઘરમાં ઘુસીને પણ મારશેઃ રાજનાથ સિંહ

નવી દિલ્હી, તા. ૨૯

અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા હાલના સંકટ અંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યુ હતુ કે, અફઘાનિસ્તાન પર ભારત પોતાની નીતિમાં બદલાવ કરી રહ્યુ છે.અમેરિકા-જાપાન-ઓસ્ટ્રેલિયા અને ભારતનુ ક્વાડ ગઠબંધન આ જ નીતિનો એક હિસ્સો છે.

તામિલનાડુના વેલિંગ્ટનમાં ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજને સંબોધિત કરતા રાજનાથસિંહે કહ્યુ હતુ કે, ભારત સીમા પર પડકારોનો સામનો કરી રહ્યુ છે પણ લોકોને વિશ્વાસ છે કે, ભારતની સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં થાય.ભારત પોતાની જમીન પર આંતકનો ખાતમો કરશે અને જરુર પડી તો તેમની જમીન પર પણ જઈને હુમલો કરવાથી પાછળ નહીં હટે.તેમણે કહ્યુ હતુ કે, આજે દુશ્મન માટે આપણી સરહદની અંદર ઘુસવાની જરુર નથી રહી.તેઓ સરહદની બીજી તરફ રહીને પણ આપણા સુરક્ષા ઉપકરણોને નિશાન બનાવી શકે છે.ભારતના સુરક્ષા પડકારોમાં બદલાઈ રહેલી વૈશ્વિક સ્થિતિના કારણે વધારો થઈ રહ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, આ પડકારોને પહોંચી વળવા માટે આપણી તૈયારીઓને મજબૂત બનાવવાની જરુર છે.જ્યારે આપણો દેશ આઝાદ થયો ત્યારથી દેશ વિરોધી શક્તિઓ દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે.ભારતને પડકારો જાણે વારસમાં જ મળ્યા છે.આપણા પાડોશી દેશે પ્રોક્સી વોરનો સહારો લઈને આતંકવાદને તેની નીતિનુ અવિભાજ્ય અંગ બનાવી દીધુ છે.

## ISIS-Kમાં ભારતીયો પણ સામેલ છેઃ કમાન્ડરનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૨૯

અફઘાનિસ્તાનના કાબુલ એરપોર્ટ બહાર તાજેતરમાં થયેલા આત્મઘાતી હુમલાની જવાબદારી આતંકી સંગઠન ISIS-K દ્વારા લેવામાં આવી છે.આ હુમલામાં ૧૩ અમેરિકન સૈનિકો સહિત ૧૬૯ લોકો માર્યા ગયા હતા.એ પછી અમેરિકન ન્યૂઝ ચેનલે ISIS-Kના કમાન્ડરનો ઈન્ટરવ્યૂ પણ લીધો છે.જેમાં આ કમાન્ડરે દાવો કર્યો છે કે, ISIS-Kમાં પાકિસ્તાનીઓની સાથે સાથે ઘણા ભારતીયો પણ સામેલ છે.

કાબુલની એક હોટેલમાં આપેલા ઈન્ટરવ્યૂમાં આ કમાન્ડરે કહ્યુ હતુ કે, કાબુલમાં અમને કોઈ તકલીફ નથી,અહીયા અમારુ કોઈ ચેકિંગ પણ થતુ નથી.ઓળખ જાહેર નહીં કરવાની શરતે આપેલા ઈન્ટરવ્યૂમાં કમાન્ડરે કહ્યુ હતુ કે, મારા હાથ નીચે ૬૦૦ કરતા વધારે લોકો કામ કરે છે.જેમાં પાકિસ્તાની અને ભારતીયોનો પણ સમાવેશ થાય છે.

તેણે દાવો કર્યો હતો કે, કેટલાક સભ્યો તાલિબાન સામે પણ લડાઈ લડી રહ્યા છે અને તાલિબાન સાથે અમારુ કોઈ ગઠબંધન નથી.અમે તેમની સાથે મળીને પણ કામ કરી રહ્યા નથી.અમે શરિયા કાયદો લાગુ કરવા માંગીએ છે.તાલિબાન પર વિદેશી શક્તિઓનો પ્રભાવ છે.અમે જે કામ કરી રહ્યા છે તેમાં જે પણ અમારી સાથે છે તે અમારા ભાઈ છે અને જે અમારી સામે છે તેમની સામે અમે યુધ્ધનુ એલાન કરેલુ છે.

એક સવાલના જવાબમાં કમાન્ડરે કહ્યુ હતુ કે, અમેરિકાના સૈનિકો સાથે પણ અમારો સામનો થયેલો છે અને અમેરિકાએ અમારા પર ઘણી એર સ્ટ્રાઈક પણ કરેલી છે.અમેરિકાની અફઘાનિસ્તાનમાંથી વિદાય બાદ અમારા માટે સંગઠનનુ વિસ્તરણ કરવુ આસાન થશે.

## ગુજરાતની ભાવિનાબેન પટેલે પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો

ટોક્યો , તા.૨૯

ટોક્યો પેરાલિમ્પિકમાં ભાવિનાબેન પટેલે ટેબલ ટેનિસના મહિલા સિંગલ્સમાં વર્ગ-૪ કેટેગરીમાં ભારતને પ્રથમ મેડલ અપાવ્યો છે. ફાઈનલમાં વિશ્વની નંબર ૧ ચીનની ખેલાડી ઝોઉ યિંગ સામે ભાવિનાનો મુકાબલો હતો. યિંગે ભાવનાને ૧૧-૭, ૧૧-૫ અને ૧૧-૬થી હરાવીને ગોલ્ડ જીત્યો. ભાવિનાને સિલ્વર મળ્યો છે. તે ટેબલ ટેનિસમાં મેડલ જીતનાર ભારતીય ખેલાડી પણ છે.તેણે સેમી ફાઈનવમાં ચીનની ઝાંગ મિયાઓને ૭-૧૧, ૧૧-૭, ૧૧-૪, ૯-૧૧, ૧૧-૮થી હરાવી હતી. આ પહેલા તે ક્વાર્ટર ફાઈનલમાં સર્બિયાની બોરિસ્લાવા રેંકોવિચ પેરિચને ૧૧-૫, ૧૧-૬, ૧૧-૭થી હરાવીને સેમી ફાઈનલમા પહોંચી હતી.ભાવિનાબેન પટેલે અગાઉ પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં બ્રાઝિલની જોયજ ડી ઓલિવિયરાને ૧૨-૧૦, ૧૩-૧૧, ૧૧-૬થી હરાવિ હતી. તેણે પેરાલિમ્પિક્સમાં ટેબલ ટેનિસ મેડલ સુનિશ્ચિત કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.



**૩૦ ઓગસ્ટે જન્માષ્ટમીના દિવસ નિમિત્તે ગુજરાતી ન્યુઝ પેપર 'ન્યુઝ ઓફ ગાંધીનગર' કાર્યાલય રજા પાળશે જેને કારણે ૩૧ ઓગસ્ટનો અંક પ્રસિધ્ધ થશે નહી જેની સર્વે વાચક મિત્રોએ નોંધ લેવી.**

### નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધન

## યુવાનો બનાવેલા માર્ગો પર ચાલવા માંગતા નથી, તેઓ નવા રસ્તાઓ બનાવવા માંગે છે

ન્યુ દિલ્હી, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમણે કહ્યું છે કે આ વખતે ઓલિમ્પિક્સે અસર કરી છે. દરેક પરિવારમાં રમતની ચર્ચા શરૂ થઈ, તેને અટકાવવી જોઈએ નહી. એમ પણ કહ્યું કે યુવાનો બનાવેલા માર્ગો પર ચાલવા માંગતા નથી, તેઓ નવા રસ્તાઓ બનાવવા માંગે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધનમાં સૌથી પહેલા હોકીના જાદુગર મેજર ધ્યાનચંદને તેમના જન્મદિવસ પર યાદ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું, તમે કલ્પના કરી શકો છો મેજર ધ્યાનચંદજીના હૃદય પર, તેમના આત્મા પર, તે જ્યાં હશે, ત્યાં તેમને ઘણી ખુશી મળતી હશે.તેમણે કહ્યું છે કે આજે મેજર ધ્યાનચંદની જન્મજયંતિ છે. હું વિચારી રહ્યો હતો કે ધ્યાનચંદજીનો આત્મા જ્યાં પણ હશે ત્યાં ખુશ થશે. વિશ્વમાં ભારતની હોકીનો ડંકો વગાડવાનું કામ ધ્યાનચંદની હોકીએ કર્યું. ૪ દાયકા પછી, ભારતના પુત્રો અને પુત્રીઓએ હોકીમાં પ્રાણ ફૂંક્યા. ભલે ગમે તેટલા મેડલ મળે, પણ ભારતીયને હોકીમાં મેડલ મળ્યા બાદ જ આનંદ થાય છે.

આ વખતે મેડલ મળ્યા. ધ્યાનચંદજીનું જીવન રમતને સમર્પિત હતું, તેમનો આત્મા ખુશ રહેશે.મોદીએ કહ્યું કે આજે નાના શહેરોમાં સ્ટાર્ટઅપ સંસ્કૃતિ વિસ્તરી રહી છે. યુવાનો જોખમ લેવા માગે છે. યુવાનોએ વિશ્વમાં ભારતના રમકડાની ઓળખ બનાવવાનું નક્કી કર્યું. આજે આપણાં દેશના યુવાનો તેના પર ધ્યાન આપી રહ્યા છે. એક વાત મનને ખુશીઓથી ભરી દે છે, વિશ્વાસને મજબૂત કરે છે. તે સામાન્ય રીતે સ્વભાવ હતો કે ચાલે છે. યુવાન મન હવે સર્વશ્રેષ્ઠ તરફ કેન્દ્રીત કરી રહ્યું છે, તે શ્રેષ્ઠ કરવા માંગે છે.વડાપ્રધાને કહ્યું છે કે આજના યુવાનો અલગ બનવા માંગે છે. તે બનાવેલા માર્ગને અનુસરવા માંગતો નથી, તે નવા માર્ગો પર ચાલવા માંગે છે. તેનું લક્ષ્ય, માર્ગ અને ઈચ્છા નવી છે. થોડા સમય પહેલા ભારતે તેનું સ્પેસ સેક્ટર ખોલ્યું અને યુવા પેઢીએ તે તક ઝડપી લીધી. યુવાનો આગળ વધ્યા છે અને મને ખાતરી છે કે આવનારા દિવસોમાં એક વિશાળ સંખ્યા આવા ઉપગ્રહોની હશે, જેના પર કોલેજ અને યુનિવર્સિટી લેબમાં યુવાનોએ કામ કર્યું હશે. વડાપ્રધાને કહ્યું કે આ વખતે ઓલિમ્પિકે અસર કરી છે. હવે પેરાલિંપિક્સ ચાલી રહ્યું છે. જે થયું તે આત્મવિશ્વાસ પેદા કરવા માટે પૂરતું છે. યુવા ઈકોસિસ્ટમને જોઈ રહ્યા છે, સમજી રહ્યા છે, પરંપરાગત સામગ્રીમાંથી નીકળી રહ્યા છે.

દરેક પરિવારમાં રમતગમતની ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેને અટકાવવી જોઈએ નહી. હવે દેશમાં રમતગમત, રમતની ભાવના અટકાવવાની નથી. તેને પરિવારિક, સામાજિક, રાષ્ટ્રીય જીવનમાં કાયમી કરવાની છે અને સતત નવી ઉર્જાથી ભરવાની છે. ગામડાઓ અને શહેરોમાં રમતના મેદાન ભરેલા હોવા જોઈએ. દરેકના પ્રયાસોથી ભારત રમતગમતમાં તે ઉંચાઈ પ્રાપ્ત કરશે.જેના માટે તે હકદાર છે. મેજર ધ્યાનચંદજીએ બતાવેલા માર્ગે આગળ વધવાની જવાબદારી આપણી છે. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર રમતગમત તરફ ભેગા થઈ રહ્યા છે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૯૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૧૬૬**

## તંત્રી સ્થાનેથી...

# જાણો હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની કહાણી

*દેશમાં પ્રત્યેક વર્ષે ૨૯ ઓગસ્ટને નેશનલ સ્પોર્ટ્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વળી આ દિવસે હોકીના જાદૂગર મેજર ધ્યાનચંદનો જન્મદિન હોવાથી, તેમની સિદ્ધિઓને યાદ કરવા તથા યુવાઓને પ્રેરણા આપવા માટે આને ઉજવાય છે. આ દિવસે દેશના રાષ્ટ્રપતિ, મેજર ધ્યાનચંદ અવોર્ડ, અર્જુન અને દ્રોણાચાર્ય અવોર્ડને નામાંકિત લોકોને આપે છે. મેજર ધ્યાનચંદે પોતાની છેલ્લી ઓલિમ્પિક મેચમાં ઈજાગ્રસ્ત હોવા છતાં દેશને મેડલ જીતાડ્યો હતો. ઈન્ડિયન પ્લેયર્સના આવા ઉત્સાહને જોતા જર્મનીનો એડોલ્ફ હિટલર પણ તેમનાથી પ્રભાવિત થઈ ગયો હતો.૨૯ ઓગસ્ટ ૨૦૧૨ના દિવસે પ્રથમવાર નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી મેજર ધ્યાનચંદના જન્મદિવસે કરાઈ હતી. મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ અલાહાબાદમાં થયો હતો અને તે તેમના સમયના મહાન હોકી ખેલાડી હતા. તેઓ હોકી ખેલાડીઓના સ્ટાર અથવા 'હોકીના જાદુગર' તરીકે જાણીતા હતા, કારણ કે મેજર ધ્યાનચંદના સમયગાળા દરમિયાન તેની ટીમે ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ દરમિયાન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.તેમણે ૧૯૨૬થી ૧૯૪૯ સુધી ૨૩ વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે હોકી રમી. તેમણે પોતાની કારકિર્દીમાં કુલ ૧૮૫ મેચ રમી હતી જેમાં ૫૭૦ ગોલ કર્યા હતા. મેજર ધ્યાનચંદ હોકી પ્રત્યે એટલા સમર્પિત હતા કે તે મોડી રાત્રે પણ પ્રેક્ટિસ કરતા હતા, જેના કારણે જ તેમનું નામ ધ્યાનચંદ પડ્યું હતું. ૧૯૫૬માં ધ્યાનચંદને પદ્મભૂષણ અવોર્ડથી સન્માનિત કરાયા હતા. તેઓ આ સન્માન પામનાર ત્રીજા નાગરિક હતા.૧૯૭૯માં ઈન્ડિયન પોસ્ટ ડિપાર્ટમેન્ટે મેજર ધ્યાનચંદના નિધન પછી તેમને શ્રદ્ધાંજલી આપતા દિલ્હીના રાષ્ટ્રીય સ્ટેડિયમનું નામ બદલીને મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ, દિલ્હી કરી દીધું હતું. ૨૦૧૨માં દેશના નાગરિકોને સ્પોર્ટ્સ પ્રત્યે રસ જાગે તેના માટે નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવાની જાહેરાત કરાઈ હતી અને આના માટે મેજર ધ્યાનચંદના જન્મદિવસની પસંદગી કરાઈ હતી. ત્યારપછી ૨૯ ઓગસ્ટને ઈન્ડિયામાં નેશનલ સ્પોર્ટ્સ ડે તરીકે ઉજવાય છે.*

*ઈન્ડિયાએ ૧૯૩૬માં હોકીમાં પોતાની ગોલ્ડન હેટ્રિક પૂરી કરી હતી. ૧૫ ઓગસ્ટ ૧૯૩૬ના દિવસે બર્લિનમાં રમાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં ઈન્ડિયાએ ઘરઆંગણે જર્મનીને હરાવી જીત પ્રાપ્ત કરી હતી. તમને જણાવી દઇએ કે આ સમટે જેમ-જેમ બર્લિન ઓલિમ્પિક નજીક આવી રહી હતી, તેમ-તેમ ઈન્ડિયન ખેલાડીઓની ગેમ પણ આક્રમક થઈ રહી હતી.*

*૧૯૩૬ બર્લિન ઓલિમ્પિક પહેલા જર્મનીના સમાચાર પત્રોમાં પણ ઈન્ડિયન હોકી ટીમના કિસ્સાઓ પ્રકાશિત થઈ રહ્યા હતા. જેમાં મુખ્યત્વે ધ્યાનચંદ અને રૂપચંદના આક્રમક અંદાજનો ઉલ્લેખ કરાતો હોવાથી જ્યારે-જ્યારે ઈન્ડિયન હોકી ટીમની ગેમ હોય ત્યારે મોટાભાગે જર્મન લોકો મેદાનમાં મેચ જોવા માટે આવી જતા. તે સમયે મેજર ધ્યાનચંદના ગોલ જોવા માટે લોકોની પડાપડી થતી.ઓલિમ્પિક શરૂ થાય એના ૧૩ દિવસ પહેલા એટલે કે ૧૭ જુલાઈ ૧૯૩૬એ જર્મની સામે ઈન્ડિયાએ પ્રેક્ટિસ મેચ રમી હતી. જેમાં ઈન્ડિયાએ જર્મનીને ૪-૧થી હરાવ્યું હતું. દેશને ૧૧ વર્ષ પછી સ્વતંત્રતા મળી હતી પરંતુ સમય અને સંજોગો એવા હતા કે ઈન્ડિયન ટીમની ફાઇનલ મેચ પણ ૧૫ ઓગસ્ટના દિવસે રમાઈ હતી.ઉલ્લેખનીય છે કે ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિક હોકીની ફાઇનલ મેચમાં ઈન્ડિયાની મેચ જર્મની સામે નહીં પરંતુ હિટલર વિરૂદ્ધ હતી. તે હિટલર, જેણે પોતાની સરમુખત્યારશાહીથી સમગ્ર વિશ્વના દિલમાં ભય પેદા કર્યો હતો, પરંતુ વિશ્વના સૌથી મોટા સરમુખત્યારએ એક વિનમ્ર ભારતીય સૈનિક સમક્ષ ઘૂંટણ ટેકવી દીધા હતા.આખું સ્ટેડિયમ દર્શકોથી ભરેલું હતું, હિટલરની મંજૂરી બાદ રેફરીએ સીટી વગાડી અને પછી રમત શરૂ થઈ. પહેલા હાફમાં જર્મનીની ટીમે ખૂબ જ સારી રમત રમી હતી, પરંતુ ઈન્ડિયાએ પણ ૧-૦ની લીડ મેળવી લીધી હતી.મેચ દરમિયાન તેમના ગોલકીપર ટીટો વોર્નહોલ્ટ્ઝેની હોકિસ્ટિક મેજર ધ્યાનચંદના મોઢા પર વાગતા તેમનો દાંત તૂટી ગયો હતો. તેવમાં ધ્યાનચંદ સારવાર અર્થે બહાર ગયા અને પછી ખુલ્લા પગે મેચ રમવાનું શરૂ કર્યું હતું. ત્યારપછી ઈન્ડિયાએ સતત ૭ ગોલ કરી મેચને ૮-૧થી જીતી લીધી હતી.*

### ગુજરાતભરમાં ઉજવાયો "કસુંબીનો રંગ" ઉત્સવ

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની રાજ્યવ્યાપી ઉજવણીનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની રાજ્યવ્યાપી ઉજવણીનો પ્રારંભ ગાંધીનગરથી કરાવ્યો હતો. જે અંતર્ગત ગુજરાતભરમાં "કસુંબીનો રંગ ઉત્સવ" ઉજવાયો હતો. રાજ્યના તમામ જિલ્લાઓમાં પણ મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ઉજવણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મ સ્થળ ચોટિલામાં મેઘાણી સ્મારક – મ્યૂઝિયમ નિર્માણ માટે રાજય સરકારે પાંચ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં નિર્માણ થનારા ગુજરાત સાહિત્ય અકાદમીના ભવન મેઘાણી સાહિત્ય ભવનનું ઇ-ખાત મુહુર્ત કરવા સાથે મેઘાણી જીવન-કવનની વેબસાઈટ લોન્ચ કરી હતીઅને ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના 'મેઘાણી ભવન'ની ઇ- ખાતમૂર્હત વિધિ સંપન્ન કરી હતી. તેમણે રાજયના ગ્રંથાલયો માટે મેઘાણી સાહિત્ય સંપુટ અર્પણ અને સાહિત્ય ગૌરવ પુરસ્કારો પણ એનાયત કર્યા હતા.

અમદાવાદમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી ખાતે આયોજિત કસુંબીનો રંગ-ઉત્સવ કાર્યક્રમમાં સંબોધન કરતા કહ્યું કે, મેઘાણી લોકસાહિત્યકાર, લેખક, પત્રકાર અને કવિ તરીકેના બહુવિધ કૌશલ્યો ધરાવતા હતા.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીનો આજથી શુભારંભ થઈ રહ્યો છે, જે સમગ્ર વર્ષ દરમિયાન આખા રાજ્યમાં ઉજવાશે. સમગ્ર રાજ્યની શાળા – કોલેજોમાં આ ઉત્સવની ઉજવણી થકી યુવાનોમાં રાષ્ટ્રભક્તિનો ભાવ જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવશે.

રાજકોટમાં કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે આ રાજ્યવ્યાપી કાર્યક્રમના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, આવનારી પેઢી માટે લોકસાહિત્યનું સંપાદન કરીને ઝવેરચંદ મેઘાણીએ પ્રખર યુગધર્મ બજાવ્યો છે. આઝાદીના સમયે જાહેર જનતામાં સંયમપૂર્વકનો જુસ્સો પૂરવામાં મેઘાણીના ગીતોએ ચાલક બળનું કામ કર્યું છે. પચાસ વર્ષના ટૂંકા આયુષ્યની ક્ષણેક્ષણનો ઉપયોગ કરીને ઝવેરચંદ મેઘાણીએ ઉત્તમ સાહિત્યનું સર્જન તો કર્યું જ છે, પરંતુ ગામડે ગામડે ફરીને લોકસાહિત્યનું સંપાદન કર્યું છે, તેમના આ કાર્ય માટે ગુજરાતની નવી પેઢી તેમની સદા ઋણી રહેશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં ઝવેરચંદ મેઘાણીના જન્મસ્થળ ચોટીલા ખાતે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને "કસુંબીનો રંગ" ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ "મેઘાણી એટલે એક વ્યક્તિમાં અનેક વ્યક્તિત્વ" તેમ જણાવતા કહ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણી રચિત પ્રત્યેક કૃતિઓ અમર છે. તે જમાનામાં લખાયેલી તેમની કૃતિઓ આજે પણ એટલી જ ગવાય છે, અને લોકો યાદ પણ કરે છે.

શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઐતિહાસિક સાહિત્યકારની સ્મૃતિ સ્થાપવાનો આ નવો અધ્યાય શરૂ થયો છે. ચોટીલા ખાતે નિર્માણ પામનાર મ્યુઝિયમના માધ્યમથી મેઘાણીજીના સાહિત્યનુ દર્શન ભવિષ્યની પેઢીને પ્રેરણારૂપ બની રહેશે, સાથો - સાથ અહી આવતા લોકોમાં રાષ્ટ્રીય ભાવના બળવત્તર બને તે પ્રકારનું આયોજન કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ચોટીલાના ભાગ્ય ખુલી જશે. અત્યાર સુધી ચામુંડા માતાજીના દર્શનાર્થે લોકો આવતા હતા, પરંતુ હવે માતાજીના દર્શનની સાથે દુનિયાભરમાંથી પર્યટકો આ મ્યુઝીયમ નિહાળવા પણ આવશે.

આ પ્રસંગે સાંસદશ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતુ કે, દાયકાઓથી મેઘાણીજીના સાહિત્યની લોકપ્રિયતા અણનમ રહી છે અને આજે પણ મેઘાણીજીનું સાહિત્ય એટલી જ લોકચાહના ધરાવે છે.પાળિયાને બેઠાં કરનાર અને લોકસાહિત્યના મોતી ઘર -ઘર સુધી પહોંચાડનાર મેઘાણીજી ગુજરાતી સાહિત્ય જગત ચમકતો તારો છે.

બોટાદમાં "કસુંબીનો રંગ" જિલ્લાકક્ષા ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સાહિત્યનું વિરાટ વ્યકિતત્વ ધરાવતા શ્રી ઝવેરચંદ મેઘાણી વિશે જેટલુ કહીએ તેટલું ઓછું છે. તેઓ એક વિશાળ પ્રતિભા ધરાવતા લેખક અને સાહિત્યકાર હતા. તેઓએ પોતાના સાહિતમાં ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાતો કહી છે તેઓની લોકવાર્તાઓ, કાવ્યરચનાઓ, નવલકથાઓ, શૌર્યગીતો, લોકગીતો, લગ્નગીતો, ભજન આજે પણ કલાકારોના કંઠે ગુંજી રહ્યા છે.

સુરતમાં "કસુંબીનો રંગ" ઉત્સવની વન, આદિજાતિમંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં દક્ષિણ ગુજરાત યુનિ. ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી વસાવાએ ભાવવંદના કરતા જણાવ્યું કે, રાજય સરકાર ગુજરાતના સાહિત્ય અને સંસ્કૃતિના મૂલ્યોની જાળવણી માટે કટિબધ્ધ છે. પોતાને પહાડનું બાળક તરીકે ઓળખાવનાર મેઘાણીએ આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઉભો કર્યો હતો. ગામડે ગામડે, ડુંગરે ડુંગરે ફરીને લોકોના કંઠે ગવાતા ગીતો અને કહેવાતી વાતોને પોતાની કલમે કંડારીને મોંઘામુલા ગ્રંથોનું સર્જન કર્યું છે.

જામનગર ખાતેની ઉજવણીના પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ કહ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણી દ્વારા દરેક વર્ગને સ્પર્શતું સાહિત્યનું સર્જન થયું છે, મેઘાણીએ લખેલ લોકસાહિત્ય આજે પણ જરાય જુનું નથી લાગતું, લોકસાહિત્યના મળેલા આ વારસાને આવનારી પેઢી પણ જાળવી રાખે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન શાળાઓના બાળકો એટલે કે ભવિષ્યની પેઢીને વકતૃત્વ, નિબંધ, કાવ્ય અનેક સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આ વારસાની માહિતી આપી તેની જાળવણી કરવામાં સોંપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જામનગરના સાંસદ શ્રી પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, મેઘાણીની કૃતિઓએ લોકોને પોતાના મૂળ નજીક લાવ્યા હતા. ડિજિટલ યુગમાં લેખન અને વાંચનથી આપણે દૂર જતા રહ્યા છીએ ત્યારે આ વારસો આવનારી પેઢીને મળે અને એ આ વારસા થકી ગૌરવ પ્રાપ્ત કરે તે માટે આ કાર્યક્રમો નિમિત્ત બનાવવામાં આવ્યા છે.

બનાસકાંઠામાંશ્રમ અને રોજગારમંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને ×કસુંબીનો રંગ× ઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે, યુવાનોમાં દેશભક્તિ ઉજાગર કરવાનું કામ રાષ્ટ્રીય શાયરશ્રી ઝવેરચંદ મેઘાણીએ કર્યુ છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું હતું તેવા લેખક, સાહિત્યકાર અને પત્રકારશ્રી ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતની સંસ્કૃતિને જીવંત રાખવા અનેક પ્રવાસો કરી અઢળક સાહિત્યસર્જન અને લેખન દ્વારા સંસ્કૃતિને બચાવવા સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું.

ભાવનગર ખાતે 'કસુંબીનો રંગ' ઉત્સવ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતી સાહિત્યના લુપ્ત થતાં સાહિત્યને ફરીથી તેજોમય તેજથી મઢેલા શબ્દોથી ઝવેરચંદ મેઘાણીએ પોતાના ઓજસ્વી અને તેજસ્વી વ્યક્તિત્વ દ્વારા અજરામર કર્યું છે. તેમણે રચેલા કાવ્યો, નવલકથાઓ લોકકથાઓ, શૌર્યગીતો આટલાં વર્ષો પછી પણ આપણાં કંઠે ગૂંજી રહ્યાં છે. દરેક ઉંમરના લોકો તેમના સાહિત્યના વાંચનથી અભિભૂત થાય તેવી તેમની લેખની દ્વારા તેમણે ગુજરાતની જનતામાં શૌર્ય, બલિદાન,ત્યાગ પ્રેમ અને ખૂમારીના મૂલ્યોનું સિંચન કર્યું છે.

ગીર-સોમનાથ જિલ્લામાં 'કસુંબીનો રંગ' ઉત્સવની ઉજવણી મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપુર્ણ બિરૂદથી નવાજયા એવા શ્રી ઝવેરચંદ મેઘાણી આજે પણ લોકહૈયે જીવંત છે. લોક સાહિત્ય ક્ષેત્રે તેમનું અનન્ય અને મહામુલુ પ્રદાન ક્યારેય વિસરાશે નહી સદાય અજરામર રહેશે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની વર્ષની ઉજવણી "કસુંબીનો રંગ" ઉત્સવ અંતર્ગત વડોદરા શહેર ખાતે ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજા, છોટાઉદેપુર જિલ્લામાં રાજય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ,પંચમહાલ જિલ્લામાં રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમાર, ડાંગ જિલ્લામાં રાજયમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, મોરબી જિલ્લામાં રાજ્ય મંત્રીશ્રી વાસણભાઈ આહીર, મહેસાણા જિલ્લામાં રાજયમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, નવસારી જિલ્લામાં રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકર, ભરૂચ જિલ્લામાં રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, મહિસાગર જિલ્લામાં રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ, અમરેલી જિલ્લામાં રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાબરકાંઠા જિલ્લામાં સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, આણંદ જિલ્લામાં મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, વલસાડ જિલ્લામાં નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, કચ્છ જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન શ્રી આઇ.કે.જાડેજા, પાટણ જિલ્લામાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂત, જૂનાગઢ જિલ્લામાં મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ખેડા જિલ્લામાં બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રીમતી જાગૃતિબેન પંડ્યા, પોરબંદર જિલ્લામાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચેરમેન શ્રી પંકજભાઈ ભટ્ટ, અરવલ્લી જિલ્લામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલ સિંહ રાજપુત, દાહોદ જિલ્લામાં સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર તથા નર્મદા, દેવભૂમિ દ્વારકા અને તાપી જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓની અધ્યક્ષતામાં ઉજવણી થઇ હતી.

### સુપ્રીમ કોર્ટના જસ્ટીસ શ્રી એમ. આર. શાહના હસ્તે

# ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ માટેના ગેસ્ટ હાઉસનું ભૂમિપૂજન કરવામાં આવ્યું



સુપ્રીમ કોર્ટના જસ્ટીસ શ્રી એમ. આર. શાહના હસ્તે અમદાવાદના ધૂલિયા કોર્ટ લો-ગાર્ડન વિસ્તારમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ માટેના ગેસ્ટ હાઉસનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતુ.

આ ભૂમિપૂજન પ્રસંગે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી વિક્રમ નાથ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતનિભાઈ પટેલ, શિક્ષણ અને કાયદા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. લો-ગાર્ડન વિસ્તારમાં આગામી સમયમાં નિર્માણ પામનારા ગેસ્ટ હાઉસ ન્યાય ક્ષેત્ર સાથે સંકળાયેલા ન્યાયાધીશશ્રીઓની સુખાકારીમાં વધારો કરશે.

### ઓગસ્ટ માસ પુરો થવા આવ્યો છતા સરેરાશ ૨૫ ટકા પણ વરસાદ નોંધાયો નથી

# ગાંધીનગર જિલ્લામાં એક લાખ હેક્ટરમાં વિવિધ પાકનું વાવેતર

ગાંધીનગર, તા. ૨૯

મેઘરાજાના રીસામણાંને કારણે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૨૫ ટકા જેટલો વરસાદ પણ પડયો નથી જેના કારણે સૌથી વધુ ખેતીવાડી પ્રભાવિત થઇ છે. ગાંધીનગર જિલ્લામાં વરસાદના વિરહ વચ્ચે પણ એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વિવિધ પાકનું વાવેતર કરી દેવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં છેલ્લા ઘણા વખતથી વરસાદ નહીં પડવાને કારણે વાવેતરની પ્રક્રિયા ખુબ જ ધીમું પડી ગયું છે.ત્યારે જે એક લાખ હેક્ટરમાં વિવિધ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. તે પાકને જીવંત રાખવો હાલ ખેડૂતો માટે મુશ્કેલ બન્યું છે.સતત પિયત આપવું પડે છે જેના કારણે આ વખતે ખેતી કરવી વધુ મોંઘી બની છે.

દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ હાલ ગુજરાતના ખેડૂતો ભોગવી રહ્યા છે. અગાઉ કોરોના પછીની મોંઘવારીની સ્થિતિથી ખેડૂતો ઝઝુમી રહ્યા હતા તેના ઉપર આ વખથે મેઘરાજાએ પણ રહેમ કરી નથી જેના કારણે બિયારણ, ખાતર, મજુરી, પેટ્રોલ-ડિઝલના ભાવવધારાના માર ઉપર હવે વરસાદ નહીં પડવાને પગલે ખેડૂતો વધુ હેરાન થઈ રહ્યા છે. મેઘરાજા રીસામણે છે જેની સીધી અસર ખેતીવાડી ઉપર પડી રહી છે. જગતનોતાત જ નહીં હવે તો સરકાર પર પણ ચિંતાના વાદળો ઘેરાઇ ગયા છે. ગાંધીનગરની વાત કરીએ તો, ગાંધીનગર જિલ્લામાં સરેરાશ છથી આઠ ઈંચ જેટલો એટલે માંડ ૨૫ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. ઓગસ્ટની સાથે શ્રાવણ માસ પણ પુર્ણ થવા આવ્યો હોવા છતા પુરતો વરસાદ નહી પડવાને કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે. એક બાજુ ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં એક લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને બીજીબાજુ વરસાદ પડતો નથી જેના પગલે હવે ખેડૂતોને પાક બચાવવા અને તેના ઉછેર માટે પિયત આપવાની ફરજ પડી રહી છે. પેટ્રોલ-ડિઝલ, બિયારણ, ખાતર, મજુરી મોંઘી થવાને કારણે ખેતી કરવી સામાન્ય ખેડૂતોને પોષાય તેમ જ ન હતું ત્યારે હવે વાવેતર બાદ વરસાદ નહીં પડવાને કારણે પાકને જીવંત રાખવા અને ઉછેર માટે પિયત આપવું પડે છે. પિયત આપવું પડતું હોવાને કારણે વીજળીનો વપરાશ વધ્યો છે. ખેડૂતોને આ વીજળી પણ હાલની સ્થિતિમાં મોંઘી પડી રહી છે. એટલે વરસાદ નહીં પડવાને કારણે આ વખતે ખેતીની પ્રક્રિયા વધુ મોંઘી બની છે. જેના કારણે આગામી દિવસોમાં ખેતપેદાશોમાં ભાવ વધારો પણ આવે તો નવાઇ નહી.ઉલ્લેખનીય છે કે, વરસાદના અભાવ વચ્ચ વાદળછાયું વાતાવરણ રહે છે જે પાકમાં રોગચાળો અથવા તો જીવાત ફેલાવવા માટે ફેવરીટ માનવામાં આવે છે એટલે ખેડૂતોને રોગચાળો અને જીવાતથી પાકને બચાવવા માટે મોંઘી દવાઓનો છંટકાવ પણ કરવો પડી રહ્યો છે જેના કારણે પણ ખેતી મોંઘી બની રહી છે.

# BUના મુદ્દે સીલ થયેલી ૩ હજાર મિલકતોનું ભાવિ અનિશ્ચિત, નવી સીલિંગ ઝુંબેશ આવશે

અમદાવાદ , તા.૨૯

બી.યુ. (બિલ્ડિંગ યુઝ) પરમિશન નહીં ધરાવતી ૩ હજારથી વધારે મિલકતોના સીલનો મામલો આખરે વધારે ગૂંચવાઇ ગયો છે. જયાં રાજય સરકારે પરિપત્ર કરી બીયુ સત્વરે મેળવી લેવાની એફિડેવિટને આધારે મિલકતો ખોલી આપવા માટે નીતિ નક્કી કરવા જણાવ્યું હતું, સુપ્રીમે તેને જ કાયદાથી વિપરીત ગણાવી રદ કરી દીધો છે. તહેવારો સમયે આ ૩ હજાર મિલકતોના સીલ ખૂલવાની આશા ધૂંધળી બની ગઇ છે. હાઈકોર્ટના આદેશ બાદ મ્યુનિ.એ ફાયર સેફ્ટી, બીયુ પરમિશનના મુદ્દે ૩ હજારથી વધુ કોમર્શિયલ મિલકતો સીલ કરી હતી. જે બાદ કેટલીક મિલકતના માલિકોએ સુપ્રીમમાં ગયા હતા. જોકે તેમને સુપ્રીમ કોર્ટમાંથી પણ રાહત મળી નથી.

દિવાળી સમયે પણ આ કોમર્શિયલ મિલકતો ખુલવાની શક્યતા લગભગ નહીવત થઇ ગઇ છે. હવે મ્યુનિ. ફરી સીલિંગ ઝુંબેશ શરૂ કરે તેવી શક્યતા છે.સુપ્રીમ કોર્ટે શુક્રવારે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્ય સરકારે ગત ૮ જુલાઈ ૨૦૨૧ના રોજ જે પરિપત્ર જાહેર કર્યો હતો તે કાયદાથી વિપરીત છે. કોર્ટે સ્પષ્ટ નોંધ્યું હતું કે, ટાઉન પ્લાનિંગ એક્ટ હેઠળ વહીવટી અસરકારકતા માટે આ પરિપત્ર યોગ્ય નથી. જો આ રીતે ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનમાં છૂટ અપાય તો તે નાગરિકોના આરોગ્ય, સલામતી સામે પણ અયોગ્ય ગણાશે. સાથે તેનાથી કાયદાનો હેતુ પણ સરસે નહીં. ગુજરાત સરકારે યોગ્ય પગલા લેવા જોઈએ જેથી કાયદાના શાસનની નિગરાની રહે.જે મિલકતધારકો યોગ્ય બીયુ પરમિશન ધરાવતા નથી, કે બીયુ પરમિશનનો દુરુપયોગ કર્યો છે તેમણે ૩ મહિનામાં બીયુ પરમિશનના કાયદાની જોગવાઈઓને અનુરૂપ યોગ્ય પગલા લેવાના રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા સહિતની સંસ્થાઓએ તેનું પાલન થાય તે જોવું તથા ત્યાં સુધી કોઇ અસરકારક પગલા લેવાના નથી.દુકાનો, હોસ્પિટલ, હોટેલ, સ્કૂલો સહિતની ૩ હજાર જેટલી મિલકતો મ્યુનિ.એ જૂન મહિનામાં સીલ કરી હતી. જે તમામ મિલકતોના માલિકને આશા હતીકે, સરકારના આ પરિપત્રને આધારે મ્યુનિ. તંત્ર તેમની મિલકતના સીલ ખોલી આપશે.

સીલ કરેલી ૩ હજાર મિલકતો પૈકી ૨૫ ટકા કરતાં વધારે મિલકતધારકોએ તો સીલ તો ફરી ધંધો શરૂ કરી દીધો છે. મ્યુનિ.એ મારેલું સીલ તોડનાર સામે ફોજદારી કાર્યવાહી થાય છે. જોકે આ કિસ્સામાં મ્યુનિ.એ પગલા લીધા નથી.

### અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના નિધરાડ ખાતે

# સગર્ભા બહેનોને લાડુ-વિતરણના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહેશે

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સોમવારે (૩૦ ઓગસ્ટ,૨૦૨૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના નિધરાડ ખાતે સગર્ભા બહેનોનેપૌષ્ટીક લાડુ વિતરણના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના આ કાર્યક્રમથી અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા અને દસક્રોઈ તાલુકાના ૩,૮૪૪ સગર્ભા બહેનો લાભાન્વિત થશે.

સહી પોષણ, દેશ રોશન તેમ જ હર ઘર પોષણના વિચારને સાર્થક કરતા આ કાર્યક્રમના લાભાર્થી બહેનોને સંબોધીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ પત્ર પણ લખ્યો છે. જેમાં તેમણે સગર્ભા બહેનોને પોષક અને સમતોલ આહાર લેવાનો આગ્રહ કરતાં કહ્યું છે કે, સગર્ભાવસ્થાથી બાળકની ૨ વર્ષની ઉંમર સુધીનો ૧૦૦૦ દિવસનો સમયગાળો સુવર્ણ દિવસ ગણાય છે ત્યારે આ સમય દરમિયાન માતા અને બાળકની તંદુરસ્તી અને સલામતી એ પરિવારની અને સમાજની જવાબદારી છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ૨૮,૨૯ અને ૩૦ ઓગસ્ટ દરમિયાન ગુજરાતની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા પણ હાથ ધરશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાવણ માસના લોક મેળા.લોકોત્સવ,. માનવતા,ધાર્મિકતા, આધ્યાત્મિકતા" વિષયક રચનાઓ(૩૦-૮-૨૦૨૧)દિવસ - ૧

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-------------------------------------------------

NOG SS No : 0089
વિષય " શ્રાવણ માસ ના લોક મેળા.લોકોત્સવ " (કૃષ્ણ - રાધા) માનવતા,ધાર્મિકતા,આધ્યાત્મિકતા.... "
શીર્ષક : " નંદલાલ "

રુંવે રુંવે મોરપીછ ને ફરતે ધાડું પતંગિયાનું
પધારો ને કૃષ્ણ માનવતા નો મેળો ઊભરાયો
બિરાજી હિંડોળે ઝૂલા ઝૂલે લળી નંદલાલ
મોહિની મુગ્ધ નરનારી ને મલકાતો નંદલાલ
સારાંશ પ્રત્યક્ષ પ્રકાશી કાનુડો જ નંદલાલ
તું જ સાક્ષર મારો શ્રી કૃષ્ણ ગીતા રચનાર
જોયું -જોવું નટખટી ચાલ ચાલતો લાડલો
મટુકી ફોડી સંગ મિત્રો ખાતો માખણચોર
એક કુંવારીકાને એક સપન આપતો કાનજી
મૌન પોકારતું રાધા-કૃષ્ણ બસ શ્વાસે રાખતો
દેશો દિશા અને પરબ સમર્પણે કપટી લાલજી
નિતનવા રોજ ઉમેરો ચાહોમે ભવોભવ શ્યામજી
નંદ નો દુલારો દેતો શીખ વહાલે વહાલે કાનજી
વરણાગી તું મુરલી મદન મારો મુરારિ વહાલમજી
દેવકી વાસુદેવની લાગણી જ્યાં સળવળે છે..
આંખ ભીની બંધ પણ લાગણીએ ટળવળે છે
શ્યામ તારી વાંસળી હું સાંભળું છું કહી રાધા
ગોપ ગોપીના જેમ સહુના દિલમાં કળ વળે છે.
ગોધુલી ઊડી, બન્યો તું ગાયો નો ગોવાળ છે
જોઇને આંખો અમારી ઝળહળે છે નૈન ખુલે છે
આ સમીરે રાસ રમવા દોટ મૂકી મોહિની ફેરવે
વૃક્ષમાં વૃંદાવને એ હળહળે ચોમેર કિલ્લોલ છે
માખણ મટકી તોડવા કુદકો મારવા તૈયાર છે
આજ જમના હવે ખળખળે ચરણ સ્પર્શવા છે
ગોપીઓ ગોકુળીયાંની અમે શું વાતો કરીએ
ગોધને પણ વાત આખી ચળવળે બેડલા ફૂટે છે
નંદોત્સવ ને પૂતના વધ, રાસલીલા મથુરામાં છે
કંસ વધ -રાધે મિલન, કૃષ્ણ અર્જુન ગીતા રચાય છે

રેખા શુકલ. અમેરિકા

-------------------------------------------------

NOG SS No : 0032
વિષય " શ્રાવણ માસના લોક મેળા.લોકોત્સવ " (કૃષ્ણ - રાધા) માનવતા,ધાર્મિકતા,આધ્યાત્મિકતા.... "

શીર્ષક : કાનાની રાધા(શણગાર)

તારે જોવું ના જોવું તો કાના હું શાને કરું સોણલાં શણગાર...
તુ મારામાં છતાય મને એકલું એકલું લાગે...
તો કાના હું શાને કરું,સોણલાં શણગાર.
તું મારી ભીતર છતાંય મળવાનું ના થાય...
તો કાના હું શાને કરું, સોણલાં શણગાર.
તું વરસે અનરાધાર છતાંય ગાગર મારીના ભરાય,
તો કાના , હું શાને કરું સોણલાં શણગાર...
શ્વાસમાં તારો શ્વાસ તોય તું કાના દૂરનો દૂર
તો કાના, હું શાને કરું સોણલાં શણગાર.
તુ છેડે વાંસળીનાં સૂર હું છેડું મારા દિલડાંના સૂર
તો કાના, હું શાને કરું સોણલાં શણગાર.
હું ઝૂરુ જમનાને કાંઠે,તું ઝૂલે કદમની ડાળે...
તો કાના, હું શાને કરું સોણલાં શણગાર.
હું તારી રાધારાની કાના,બરસાનાની ગોવાલણ,
તો કાના, હું શાને કરું સોણલાં શણગાર.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

-------------------------------------------------

NOG SS No. -- 39
વિષય - "શ્રાવણ માસનાં લોકમેળા, લોકોત્સવ" (કૃષ્ણ -રાધા) માનવતા, ધાર્મિકતા, આધ્યાત્મિકતા....
પ્રકાર --ગદ્ય - લેખ
શીર્ષક -- રાધા-માધવ
શબ્દો -- ૩૫૦

રાધા-શ્યામ સાથેજ બોલાય છે અને પૂજાય છે.

કૃષ્ણ સાથે લેવાતું રાધાનું નામ લોકમુખે રટણ બની ગયું છે. કૃષ્ણની શ્યામદ્રષ્ટિથી રાધાની અદ્ભૂત ઓળખ ઉપસી આવે છે. એ જ રીતે રાધાનાં કૃષ્ણને જાણવા રાધાનું હૃદય જોઈએ.

રાધા-કૃષ્ણની અનોખી જોડીએ શ્વેત-શ્યામ રંગનું અદ્ભૂત સાયુજ્ય સર્જ્યું. કૃષ્ણને કારણે લોકો શ્યામ રંગને પૂજતાં અને પૂછતાં થઈ ગયાં! ગોરી રાધાની સાથે શ્યામ કૃષ્ણ અદ્ભૂત દિપી ઊઠ્યાં અને રાધા-કૃષ્ણની જોડી મનનાં મિલનને કારણે અજર-અમર બની ગઈ! શ્વેત-શ્યામનાં સમન્વયમાં બંને એકરૂપ થઈ ગયાં. બંને સાથે હોય કે ના હોય, બંનેને સાથે જ અનુભવાય એ રાધે-શ્યામ.

"કૃષ્ણ નામે ગ્રંથ ના સમજાય તો,
સાવ સીધો ને સરળ અનુવાદ રાધા"
--- મુકેશ જોશી

કૃષ્ણમય રાધા શ્યામની ભક્તિમાં એટલી બધી ઓતપ્રોત હતી કે કૃષ્ણ વિશે એ કૃષ્ણ કરતાં વિશેષ જાણતી હતી. એની પ્રેમભક્તિ દુન્યવી નહોતી,અંતરની હતી! પ્રીતની સાચી રીતનું ઉત્તમ ઉદાહરણ હતી રાધા! કૃષ્ણથી દૂર રહીને કૃષ્ણને ભીતર અનુભવવાની આવડત રાધા પાસે હતી. આમ પ્રેમ કોને કહેવાય, પ્રેમ એટલે શું? એ જાણવું હોય, સમજવું હોય તો રાધા-કૃષ્ણને જાણીવા અને સમજવાં પડે! રાધા-માધવ એટલે પ્રેમની દિવ્યતાનું પરમ ઉદાહરણ!

સાથે રમીને, રાસલીલાઓ કરીને એકબીજામાં તન્મય થયાં પછી બંને અલગ થયાં. પણ બંને એક શ્વાસ બની ગયાં પછી બેમાંથી એકને પણ એ દૈહિક અલગતા વર્તાતી નહિ. હા, કૃષ્ણનો વિરહ રાધાનેબહુ આકરો લાગતો પણ એ જાણતાં હતાં કે કૃષ્ણએ બહુ બધા કાર્યો કરવાનાં છે એટલે જ એ એનાથી દૂર છે એટલે મૌન રહીને એનાં કાર્યોમાં કોઈ વિઘ્ન નાંખ્યાં વગર વિરહ સહન કર્યો!

મોરપીછ કે વાંસળી જોઈએ એટલે રાધા-કૃષ્ણ યાદ આવે જ. કૃષ્ણને રાધાનું સ્મરણ થાય ત્યારે વાંસળી વગાડે અને પછી સ્વયં વાંસળીના સૂરમાં એવાં ઉતરી જાય કે રાધાનાં હોવાનો એહસાસ ભૂલીને, વાંસળીનાં સૂર સાથે રાધાને પણ ભીતર પામી લે.

રાધા માટે વગડાયેલી વાંસળીનાં સૂર આખીય પ્રકૃતિને કૃષ્ણમય બનાવી દે છે!

રાધા-શ્યામ ક્યાંય દેખાતાં નથી પણ અનુભવાય છે.એમને જોવા માટેની દ્રષ્ટિ હોય તો એ પ્રકૃતિનાં કણ કણમાં છે.

નભ અને ચાંદની, સરોવરનું જળ અને પોયણી વગેરેની સરખામણી કવિ શ્રી પ્રિયકાન્ત મણિયારે રાધા-શ્યામ સાથે કરી જ છે.

જ્યાં સુધી ધરતી, આકાશ, સૂરજ, ચંદ્ર, તારા, નક્ષત્રો અને સમુદ્રો રહેશે ત્યાં સુધી રાધા-શ્યામનો પ્રેમ સંબંધ બ્રહ્માંડમાં ગુંજતો રહેશે.

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ

-------------------------------------------------

NOG SS No : 0013
પ્રકાર - ગદ્ય
શીર્ષક : લોકોત્સવ

લોકોત્સવ
સાચી ઉજવણી - સાચો ઉત્સવ
લોકોત્સવ એ લોકોનો ઉત્સવ, લોકો માટેનો ઉત્સવ,લોકો થી ઉજવાતો ઉત્સવ.
પણ આ ઉત્સવને જો આપણે આપણાં દેહ અને આત્મા સાથે જોડીએ તો એ આપણી માટે સાચો ઉત્સવ ગણાશે.
માનવજીવન એ તત્વ અથવા શરીર અને કંપનો અથવા આત્માનું સંમિશ્રણ છે. આનંદ એટલે તીવ્ર સ્પંદનો અનુભવવા અને તમે શરીર છો, તત્વ જો તે ભૂલી જવું.
લૈંગિક સ્ફુરણાઓ પણ ક્ષણભર માટે તમને તીવ્ર સ્પંદનોનો અનુભવ કરાવી શકે છે એ રીતે તમને સુખ ની એક ઝલક પણ બતાવે છે. પરંતુ આ સુખ ક્ષણિક હોય છે અને અંતે તો જડતા જ લાવે છે.
જે સુખ સત્સંગમાંથી મળે છે તે ઉચ્ચકોટિનું હોય છે. મંત્રો અને સંગીત તમારા આત્મામાં સ્પંદનો ઊભા કરે છે, એ જ કારણ છે કે જ્યારે તમે ધ્યાન ધરો છો અને ગાઓ છો ત્યારે એને લીધે થતો હર્ષોન્માદ લાંબા સમય સુધી ટકી રહે છે.જેમ
નવરાત્રી માં માતાજીની આરાધના.
સુક્ષ્મતાનો આનંદ વધુ ટકનારો
સ્ફૂર્તિ આપનારો, તાજગીભર્યો અને મુક્તિ અપાવનારો હોય છે. સ્થૂળમાંથી મળતો આનંદ ક્ષણજીવી,
થકવનારો અને બંધનમાં નાખનારો હોય છે.જેમ કે શ્રાવણ મહિનામાં લોકો દ્વારા રમાતો જુગાર.
જ્યારે તમને સમજાય કે તમે જ શક્તિ છો, સ્પંદન અથવા વીજળી છો ત્યારે ઈચ્છાઓ, લોભ, મોહ,ક્રોધ સર્વે અદ્રશ્ય થઈ જાય છે અને તમે એક સાચી ઉજવણીના હકદાર બની જાઓ છો.
તમારા અસ્તિત્વને તમારો સમય ઉજવે છે.નવા વર્ષે કોઈ એષણા રાખવાને બદલે નવું વર્ષ જે લાવવા માગતું હોય એને સ્વીકારી લો. તમારા સમયને તમારી ઉજવણી કરવા દો અને એ ઉજવણી ના તમે એક મુક સાક્ષી બનો .
આ ઉત્સવ ભાગ્યશાળી છે કેમકે આ ઉત્સવ તમારા સમયમાં છે અને તમે જે ઉત્સવમાં જન્મ્યા એ ઉત્સવ પણ ભાગ્યશાળી છે. તમે દુનિયા માટે જીવી રહ્યા છો,દુનિયાના લોકોની સાથેના સમય સાથે તમે હર્ષભેર ઉજવણી કરવા જીવી રહ્યા છો.
કેટલા નસીબદાર છો.

ઘનશ્યામ વ્યાસ.મુંબઈ

-------------------------------------------------

NOG. SS NO .0001
વિષય :-- શ્રાવણી મેળા
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " દ્વારકાના મેળામાં કૃષ્ણની ઝાંખી"

ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરા બાદ ભારતમાં બીજું કોઇ સ્થળ હોય કે જ્યાં કૃષ્ણના જીવનની અનેક કડીઓ જોડાઈ હોય તો તે છે દ્વારકા .દ્વારકામાં જન્માષ્ટમીના તહેવારમાં ઉમંગ અને ઉલ્લાસભેર મેળો ભરાય છે . " કાનુડો માંગ્યો દે ને જશોદા મૈયા ...." ના નાદથી આખી દ્વારકાનગરી ગુંજી ઉઠે છે .

ડાકોરની જેમજ દ્વારકામાં પણ નાગપાંચમથી જ મેળો શરુ થઈ જાય છે .મેળામાં મથુરાથી પણ સૂબાઓ આવે છે જે કૃષ્ણ ઉપદેશની ઝાંખી કરાવે છે .મેળામાં દરરોજ લાખો લોકો આવે છે .મંદિરમાં પણ લાખો લોકોની ભીડ જોવા મળે છે. લોકો અહી દરિયાની વચ્ચે આવેલા બેટ દ્વારકામાં પણ ભગવાન દર્શન માટે જાય છે . આઠમના દિવસે અહીં કૃષ્ણ જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ને ભક્તિમય રીતે ઉજવાય છે.

ગુજરાતનાં નાના શહેરો અને ગામડાઓમાં પણ ભગવાન કૃષ્ણનાં મંદિરો આવેલાં છે ત્યાં પણ મેળાઓ ભરાતાં હોય છે .બધે જ મટકીફોડ અને રાસોત્સવના મોટા કાર્યક્રમ યોજાતા હોય છે . ભગવાન કૃષ્ણની ઝાંખી દર્શાવતી મંડળીઓ પણ અહીં કૃષ્ણાવતારના વિવિધ રંગો રજુ કરે છે . કાન – ગોપીની જોડી બનીને રાસ રમવામાં આવે છે .આમ જન્માષ્ટમીના દિવસે શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે .

આમ ગુજરાતમાં દ્વારકા જામનગર , પોરબંદર,વેરાવળ , ભાવનગર , રાજકોટ , શિહોર , કચ્છ,પાટણ વગેરે શહેરોમાં પણ મેળાવડાનું આયોજન કાયમ થતું હોય છે .ગુજરાત માં એક એવો પણ વર્ગ છે જે બારમાસી તહેવાર ના મેળાઓ ઉપર નિર્ભર છે.

પ્રદીપ રાવલ ,"સંચાલક".

# વડોદરામાં મોપેડ પર જતી યુવતીને કાર ચાલકે અડફેટે લેતા મોત

વડોદરા , તા.૨૯

વડોદરામાં મંગેતરને મળી પરત એક્ટીવા મોપેડ ઉપર પરત ફરી રહેલી યુવતીને કાર ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. મોડી સાંજે અકોટા બ્રિજ પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. આ બનાવ અંગે પોલીસે કાર ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કર્યો છે.કાર ચાલક મિત્તલ પટેલની રાવપુરા પોલીસે અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

અકોટા બ્રિજ પર સોલાર પેનલ પાસેથી યુ ટર્ન લઈ રહેલી મોપેડ ચાલક યુવતીને પુરઝડપે આવી રહેલી કારે જોરદાર ટક્કર મારી હતી. જેમાં રોડ પર ફંગોળાયેલી યુવતીને માથામાં ગંભીર ઈજા પહોંચતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. કાર એટલી સ્પીડમાં હતી કે, પહેલાં આરસીસી બ્લોક સાથે ભટકાયા બાદ યુવતીના મોપેડને ટક્કર મારી હતી. રાવપુરા પોલીસે મૃતદેહને સયાજીમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.અકોટા પોલીસ લાઈન સામે શિવશક્તિ નગરમાં રહેતા જનકભાઈ સોલંકીની ૨૪ વર્ષની પુત્રી નમ્રતાની સગાઈ ૧૫ ઓગસ્ટે કરમસદના દિવ્યાંગ દરજી સાથે નક્કી થઈ હતી. સગાઈ બાદ પહેલીવાર શુક્રવારે સાંજે દિવ્યાંગ નમ્રતાને મળવા વડોદરા આવ્યો હતો અને તેઓએ અકોટા બ્રિજ ખાતે મળવાનું નક્કી કર્યું હતું. નમ્રતા તેના ભાઈ હેતના મિત્રનું મોપેડ લઈ અકોટા બ્રિજ પહોંચી હતી, જ્યાં ફિયાન્સને મળ્યા બાદ ઘરે પરત જતી હતી ત્યારે અકસ્માત નડ્યો હતો. નમ્રતા મોપેડ લઈ સોલાર પેનલ નજીક ડિવાઈડરના કટ પાસેથી વળાંક લેતી હતી ત્યારે અકોટા તરફથી પુરઝડપે આવેલી કારના ચાલકે કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડરના કટ પાસે મૂકેલા આરસીસીના બ્લોક સાથે ધડાકા સાથે ભટકાયા બાદ નમ્રતાના મોપેડને ટક્કર મારી હતી.જેમાં મોપેડ સાથે નમ્રતા ફંગોળાતાં માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. નમ્રતાના ભાઈ હેતને જાણ થતાં તે પરિવાર સાથે દોડી ગયો હતો.

નમ્રતાને મૃત હાલતમાં જોઈ પરિવારના હોશ ઊડી ગયા હતા. ઘટના સ્થળે પહોંચેલી રાવપુરા પોલીસ નમ્રતાને સયાજીમાં લઈ ગઈ હતી, જ્યાં તબીબોએ મૃત જાહેર કરી હતી. પોલીસે કારચાલક મિતેષ પટેલની અટક કરી કાર કબ્જે કરી હતી.રાવપુરા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે અકોટા પોલીસ લાઈન સામે આવેલ ૭/ ૫૦, શિવ-શક્તિ નગરમાં નમ્રતાબહેન જનકકુમાર સોલંકી (ઉં.વ.૨૩) પરિવાર સાથે રહેતી હતી. નમ્રતાની તાજેતરમાં કરમસદના યુવાન સાથે સગાઇ થઇ હતી. અને આગામી દિવસોમાં તેઓના લગ્ન થવાના હતા. શુક્વારે નમ્રતાનો મંગેતર વડોદરા આવ્યો હતો. આથી નમ્રતા પાડોશીનું એક્ટીવા મોપેડ લઇ અકોટા બ્રિજ પાસે મળવા માટે ગઇ હતી.નમ્રતા પોતાના ફીયાન્સને મળી પરત ઘરે આવી રહી હતી. તે સમયે અકોટા ગામ તરફથી પુરપાટ આવી રહેલી કારે નમ્રતાની એક્ટીવાને અડફેટે લેતા તે રોડ ઉપર પટકાઇ હતી. જેમાં તેણે માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્મતા સર્જાતા જ કાર ચાલક ફરાર થઇ ગયો હતો. બીજી બાજુ આ બનાવ બનતાજ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. અને ગંભીર ઈજા પામેલ નમ્રતાને સયાજી હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં તબીબોએ તેણે મૃત જાહેર કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણ નમ્રતાના ભાઇ હેત સોલંકીને થતાં તુરતજ તે પરિવાર અને મિત્રોને લઇ સયાજી હોસ્પિટલમાં દોડી આવ્યો હતો. હોસ્પિટલમાં પરિવારના હૈયાફાટ રૂદને સન્નાટો પાથરી દીધો હતો. તે સાથે અકોટા પોલીસ લાઇનની સામે આવેલ શિવ-શક્તિ નગરમાં નમ્રતાનું અકસ્માત મોત નીપજ્યું હોવાની જાણ થતાં ગમગીની ફેલાઇ ગઇ હતી. નમ્રતાનું લગ્ન થાય તે પહેલાંજ તેનું અકસ્માતમાં મોત નીપજતાં શિવ-શક્તિ નગરના લોકોએ ભારે આઘાત લાગ્યો હતો.બીજી બાજુ આ બનાવની જાણ રાવપુરા પોલીસને થતાં પોલીસ પણ સયાજી હોસ્પિટલ ખાતે દોડી ગઇ હતી. અને લાશનો કબજો લઇ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. તે બાદ પોલીસ અકસ્માતમાં મોતને ભેટેલી નમ્રતાના ભાઇ હેત સોલંકીની ફરિયાદના આધારે કાર ચાલક સામે ગુનો નોંધી દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. તે સાથે પોલીસે કાર ચાલકની ઓળખ કરી તેની અટકાયત કરી હતી.સોલાર પેનલનું કામ કરતા જનકભાઈ સોલંકીના પરિવારમાં બે સંતાનોમાં નમ્રતા મોટી હતી.

ધોરણ ૧૨ના અભ્યાસ બાદ માતાને ઘરકામ કરવામાં મદદ કરતી નમ્રતાનું પરિવારે ડિસેમ્બરમાં લગ્ન લેવાનું નક્કી કર્યું હતું. પુત્રીના મૃત્યુ બાદ નીકળેલી અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પરિવારના ભારે આક્રંદથી વિસ્તારમાં ગમગીની છવાઈ હતી.

## શ્રીકૃષ્ણ જન્માષ્ટમી




શ્રાવણ વદ પક્ષ આઠમના દિવસે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી છે. આ નિમિત્તે શ્રીકૃષ્ણ ભગવાનની કેટલીક વિશિષ્ટતાઓ અને તેમની ઉપાસનાના સંદર્ભમાં ઉપયુક્ત એવા અધ્યાત્મશાસ્ત્રીય માહિતીનો આ લેખમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રીકૃષ્ણ ભગવાનની કેટલીક વિશિષ્ટતાઓ !

કુશળ રાજનીતિજ્ઞ, મહાન તત્ત્વવેત્તા, સમાજરક્ષણ એ જ ધ્યેય રાખનાર, સામાજિક કર્તવ્યો બાબતે દક્ષ રહેનારા, બધું જ અન્યોના કલ્યાણ માટે જ કરનારા, અન્યાય સહન ન કરનારા, દુર્જનોનો નાશ કરનારા, આ બધી ભગવાન શ્રીકૃષ્ણની મહત્ત્વની વિશિષ્ટતાઓ છે.

'શ્રી' અક્ષરનો અર્થ

'શ્રીકૃષ્ણ' આ શબ્દમાં રહેલો 'શ્રી' એટલે શક્તિ, સૌંદર્ય, સદ્ગુણ, વૈવ ઇત્યાદિનો સમુચ્ચય અથવા સંગ્રહ. પોતાના નામની પહેલા 'શ્રી' લગાડે છે. તેમાં 'શ્રી' લખ્યા પછી પૂર્ણવિરામ ચિન્હ હોય છે; કારણ કે તે 'શ્રીયુત'નું સંક્ષિપ્ત રૂપ છે. આપણે 'શ્રીયુત' હોઈએ છીએ, અર્થાત્ 'શ્રી'થી યુક્ત હોઈએ છીએ, એટલે જ કે આપણામાં ભગવાનનો અંશ હોય છે. આનાથી ઉલ્ટું 'શ્રીકૃષ્ણ' આ નામમાં 'શ્રી' પછી પૂર્ણવિરામ આવતો નથી; કારણકે શ્રીકૃષ્ણ પોતે જ ભગવાન છે.

શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કેવી રીતે કરવું ?

ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવા પહેલાં ઉપાસકે પોતાને મધ્યમાથી, અર્થાત્ વચલી આંગળીથી બે ઊભી લીટીનું ચંદન લગાડવું અથવા ભરચક ઊભુ ચંદન લગાડવું.

શ્રીકૃષ્ણ ભગવાનની પૂજામાં તેમની પ્રતિમાને ચંદન લગાડવા માટે ગોપીચંદનનો ઉપયોગ કરવામાં આવે છે. શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતી વેળાએ તેમને ટચલી આંગળીની પાસેની આંગળી, અર્થાત્ અનામિકાથી ચંદન લગાડવું. શ્રીકૃષ્ણ ભગવાનને હળદર-કંકુ ચઢાવતી વેળાએ પહેલા હળદર અને પછી કંકુ જમણા હાથનો અંગૂઠો અને અનામિકાની ચપટીમાં લઈને ચરણો પર ચઢાવવું, અંગૂઠો અને અનામિકા જોડવાથી થનારી મુદ્રાને કારણે પૂજકના શરીરમાં રહેલા અનાહતચક્રની જાગૃતિ થાય છે. તેથી ભક્તિભાવ નિર્માણ થવામાં સહાયતા થાય છે.

શ્રીકૃષ્ણ ભગવાનને તુલસી શા માટે ચડાવે છે ?

દેવતાના પવિત્રકો અર્થાત્ દેવતાના સૂક્ષ્માતિસૂક્ષ્મ કણ. જે વસ્તુઓમાં વિશિષ્ટ દેવતાઓના પવિત્રકો આકર્ષિત કરવાની ક્ષમતા અન્ય વસ્તુઓ કરતાં વધારે હોય, તેવી વસ્તુઓ ભગવાનને ચઢાવવાથી, સહજતાથી દેવતાની મૂર્તિમાં દેવતાનું તત્ત્વ આવે છે અને તેથી દેવતાના ચૈતન્યનો લાભ આપણને વહેલો થાય છે. તે માટે જ શ્રીકૃષ્ણ ભગવાનને તુલસી ચઢાવાય છે. તુલસીમાં કૃષ્ણતત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોય છે. કાળી તુલસી શ્રીકૃષ્ણના મારક તત્ત્વનું, જ્યારે લીલા પાંદડા ધરાવતી તુલસી, એ શ્રીકૃષ્ણના તારક તત્ત્વનું પ્રતીક છે.

શ્રીકૃષ્ણ ભગવાનને કયા ફૂલો ચઢાવવા ?

કૃષ્ણકમળના ફૂલોમાં શ્રીકૃષ્ણના પવિત્રકો આકર્ષિત કરવાની ક્ષમતા સૌથી વધારે હોવાથી આ ફૂલો શ્રીકૃષ્ણને ચઢાવવા. દેવતાનાં ચરણોમાં ફૂલો વિશિષ્ટ સંખ્યામાં અને વિશિષ્ટ આકારમાં ચઢાવવાથી તે ફૂલો ભણી દેવતાનું તત્ત્વ વહેલું આકર્ષિત થાય છે. તે અનુસાર શ્રીકૃષ્ણ ભગવાનને ફૂલો ચઢાવતી વેળાએ તે ત્રણ અથવા ત્રણગણાં અને લંબગોળાકાર આકારમાં ચઢાવવા. શ્રીકૃષ્ણ ભગવાનને અત્તર ચઢાવતી વેળાએ ચંદનનું ચઢાવવું.

શ્રીકૃષ્ણ ભગવાનના તારક અને મારક તત્ત્વો માટે ઉપયોગમાં લેવાતી અગરબત્તી

શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતી વેળાએ તેમનું તારક તત્ત્વ વધારે પ્રમાણમાં આકર્ષિત કરવા માટે ચંદન, કેવડા, ચંપો, ચમેલી, જાઈ, ખસ અને અંબર પૈકી કોઈપણ સુગંધની અગરબત્તી વાપરવી, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનનું મારક તત્ત્વ વધારે પ્રમાણમાં આકર્ષિત કરવા માટે હિના અથવા દરબાર આ સુગંધની અગરબત્તી વાપરવી. ભક્તિના આરંભના તબક્કે દેવતાને બે અગરબત્તીથી ઓવાળવું વધારે યોગ્ય છે. જ્યારે ભક્તિના આગળના તબક્કાઓમાં એક અગરબત્તીથી ઓવાળવું. દેવતાને અગરબત્તીથી ઓવાળતી વેળાએ અગરબત્તી જમણા હાથની તર્જની એટલે અંગૂઠા પાસેની આંગળી અને અંગૂઠામાં પકડીને ઘડિયાળના કાંટાની દિશામાં ત્રણવાર ઓવાળવું.

શ્રીકૃષ્ણ એટલે પૂર્ણાવતાર !

શ્રીકૃષ્ણ એક જ સમયે ઇચ્છા, ક્રિયા અને જ્ઞાન આ ત્રણેય શક્તિઓના સ્તર પર કાર્ય કરી શકે છે; તેથી તેમને પૂર્ણાવતાર એમ કહ્યું છે.

શ્રીકૃષ્ણ ભગવાનને કેટલી પ્રદક્ષિણા ફરવી ?

શ્રીકૃષ્ણ ભગવાન ઇચ્છા, ક્રિયા અને જ્ઞાન આ ત્રણેય શક્તિઓના સ્તર પર કાર્ય કરે છે. તેના દર્શક તરીકે શ્રીકૃષ્ણ ભગવાનને ઓછામાં ઓછી ત્રણ અથવા ત્રણગણી પ્રદક્ષિણા ફરવી. પ્રત્યેક પ્રદક્ષિણા પછી દેવતાને નમસ્કાર કરીને પછી જ આગળની પ્રદક્ષિણા ફરવી. અધિક પ્રદક્ષિણા જો ફરવાનું થાય, તો બને ત્યાં સુધી તે સંખ્યાગણી પ્રદક્ષિણાઓ ફરવી. પ્રદક્ષિણા ફરવાથી દેવતા પાસેથી પ્રક્ષેપિત થનારું ચૈતન્ય અલ્પકાલાવધિમાં સંપૂર્ણ શરીરમાં સંક્રમિત થાય છે.

સંદર્ભ : સનાતન-નિર્મિત લઘુગ્રંથ 'શ્રીકૃષ્ણ'
સંપર્ક : ૯૭૨૬૬૪૪૩૮૫

# મહેસાણા સિવિલના સ્ટાફ ક્વાર્ટરમાં નર્સે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

મહેસાણા , તા.૨૯

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં નવજાત શિશુ વિભાગમાં ફરજ બજાવતી અને સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતી નર્સે શનિવારે કોઇ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં એ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.મૂળ વડગામ તાલુકાના પિરોજપુરા ગામની જ્યોતિબેન શ્રીમાળી નામની નર્સે શનિવારે પોતાના ક્વાર્ટસમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. જાણ થતાં એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી.એફ. દેસાઈ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મામલતદારને જાણ કરી નિવેદન લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરા EME સ્કૂલ ખાતે 'વિજય મશાલ'નો સ્વાગત કાર્યક્રમ યોજાયો



અમદાવાદ ,રવિવાર, ૨૯ ઑગસ્ટ ૨૦૨૧

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધમાં ભારતના વિજયના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ વિજય વર્ષ 'વિજય મશાલ'નું વડોદરામાં આવેલી EME સ્કૂલ ખાતે ઓફિસિએટિંગ કમાન્ડન્ટ દ્વારા સંપૂર્ણ સૈન્ય સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

એક વર્ષ લાંબી આ ઉજવણી માટે, ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતેથી ચાર વિજય મશાલને દેશની ચાર દિશામાં રાષ્ટ્ર ભ્રમણ માટે મોકલવામાં આવી હતી.

૧૯૭૧માં થયેલા યુદ્ધમાં દેશ માટે લડનારા ભારતના બહાદુર પુત્રો પ્રત્યે દેશની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આ 'વિજય મશાલ' રવાના કરવામાં આવી હતી. આમાંથી એક વિજય મશાલ ૨૯ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ વડોદરા ખાતે EME સ્કૂલમાં આવી હતી અને તેને ક્વાર્ટર ગાર્ડ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ, આ મશાલને આઇકોનિક દક્ષિણમૂર્તિ મંદિર ખાતે લઇ જવામાં આવી હતી.

૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ઈસ્ઈના કોરના બહાદુર હોંશિયાર યોદ્ધાઓને પાંચ સેના મેડલ, છ વિશિષ્ટ સેવા મેડલ અને ચોપ્પન મેન્શન્ડ-ઈન-ડિસ્પેચ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વડોદરા ખાતે વિજય મશાલના રોકાણ દરમિયાન ૧૯૭૧ના યુદ્ધમાં ભારતના સશસ્ત્ર દળોના શૌર્યપૂર્ણ કાર્યોની સ્મૃતિમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો અને પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું છે.

## મૃતક યુવકની લાશને પીએમ માટે અમદાવાદ ખસેડાઇ

# ગોઢકુલ્લા મકાનમાં ભેદી બ્લાસ્ટમાં વધુ એકનું મોત : બ્લાસ્ટમાં પિતા પછી પુત્રીનું મોત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

શામળાજી નજીક આવેલા ગોઢકુલ્લા ગામે એક રહેણાંક મકાનમાં થયેલા ભેદી બ્લાસ્ટને પગલે સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠયો હતો. ગોઢકુલ્લા ગામમાં પરિવાર સાથે રહેતા રમેશભાઈ ફણેજાના ઘરમાં શનિવારે ભેદી સંજોગોમાં બ્લાસ્ટ થતા રમેશભાઈ ફણેજા નામના યુવકના શરીરના ચીથરે ચીથરા ઉડી જતા ઘટનસ્થળે મોત નીપજ્યું હતું .જયારે યુવકની પત્ની અને બે બાળકીઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બંને બાળકીને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી જેમાંથી ગંભીર ઈજાગ્રસ્ત દોઢ વર્ષીય સંતોષ નામની બાળકીનું મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું શામળાજી પોલીસ સહીત જીલ્લા પોલીસતંત્ર અને એફએસએલ ની ટીમ ભેદી બ્લાસ્ટ કઈ રીતે થયો તેની મથામણમાં લાગી છે

પ્રાપ્ત માહીતી અનુસાર ગોઢકુલ્લાનો રમેશ ફણેજા નજીકમાં આવેલા તળાવમાંથી કોઈ પદાર્થ લાવ્યો હતો તે જ પદાર્થ બ્લાસ્ટ થતા સ્થળ પર મોટો ખાડો પડી જવાની સાથે બ્લાસ્ટના અવાજની તીવ્રતા ૩ કિમી સુધી લોકોને સંભળાઈ હતી બ્લાસ્ટ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા એક બ્લાસ્ટથી આખો પરીવાર વિખેરાઈ ગયો હતો પ્રંચડ ધડાકા સાથે થયેલા બ્લાસ્ટમાંઆ યુવક રમેશભાઈ લાલજીભાઈ ફણેજાનું ઘટના સ્થળે જ મોત નિપજયા પછી ઘરમાં ઘોડિયામાં ઉંઘેલી ૧.૫ વર્ષીય બાળકીનું પણ સારવાર દરમીયાન અમદાવાદમાં મોત નીપજ્યું હતુ હાલ અન્ય એક બાળકી પણ મોત સામે જજુમી રહી છે ભેદી બ્લાસ્ટથી મકાનની ઘર વખરી ને નુકશાન પહોંચ્યું હતું તેમજ ઘર બહાર બાંધેલી બકરીનું પણ આ બ્લાસ્ટમાં મોત નીપજયું હતું મૃતક યુવકની લાશને પીએમ માટે અમદાવાદ ખસેડવામાં આવી છે જયાં એફએસએલ, પોલીસની હાજરીમાં તબીબોની પેનલ મૃતક યુવકની લાશનું પીએમ કરવામાં આવશેની માહીતી

## ભરૂચ ભારતીય જનતા પાર્ટી દ્વારા

# ભોલાવ જિલ્લા પંચાયત બેઠક ખાતે પી.એમ. મોદીનો મન કી બાત નો કાર્યક્રમ યોજાયો



ભાજપાના ગુજરાતના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાહેબે આત્મીય હોલ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો મન કઈ બાત કાર્યક્રમ સાંભળ્યો હતો.

આ પ્રસંગે માજી પ્રદેશ મહામંત્રી ભારતસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ અને ભરૂચ જિલ્લાના પ્રભારી જનકભાઈ બગદાણાવાલા, ભરૂચના સાંસદ મનસુખભાઇ વસાવા, જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, મહામંત્રી, નિરલભાઈ પટેલ, ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ, વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણા, જિલ્લા પંચાયત પ્રમુખ અલ્પાબેન પટેલ, જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન ધર્મેશભાઈ મિસ્ત્રી, ઉપપ્રમુખ દિવ્યેશ ભાઈ પટેલ, મંત્રી નિશાંતભાઈ મોદી, મંત્રી જીજ્ઞેશભાઈ મિસ્ત્રી સહિત મહિલા મોરચાના હોદ્દેદારોમાં ઉપપ્રમુખ દક્ષાબેન પટેલ, પ્રતિક્ષાબેન પરમાર સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરોએ હાજરી આપી હતી.




એશિયાની નંબર ૧ ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરમાં ભારત બાયોટેકની કોવેકસીનનું પ્રોડક્શન શરૂ થઈ ગયું છે અને તેની પ્રથમ બેચને રિલીઝ કરવા આજરોજ રવિવારના દિવસે કેન્દ્રીય આરોગ્ય, ફર્ટિલાઈઝર અને કેમિકલ મંત્રી મનસુખ માંડવીયા મુલાકાતે આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ, રા.ક.મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, મંત્રી નિશાંતભાઈ મોદીએ હાજરી આપી હતી.

## શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને જે "સેટ પીચ" સોંપી જેના પર ખેલવાનું મને સદભાગ્ય સાંપડ્યું

# ગુજરાતમાં એવા ઉદ્યોગો સ્થાપીશું જે પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે – મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના પરિશ્રમની પરાકાષ્ઠા થી સેટ પીચ સોંપી હતી. જે પીચ પર ખેલીને રાજયના વિકાસની ધૂરા સંભાળી તેને આગળ ધપાવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમ મુખ્યમંત્રીશ્રી એ વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ શહેરની હોટલ હયાત ખાતેના એક કોક્લેવમાં કહ્યું હતુ.

ગુજરાતની જનતાના પીઠબળ ના કારણે જ હું ૫ વર્ષ સુધી જનતાની સેવા કરી શક્યો છું તેમ જણાવીને તેમણે રાજયના વિકાસના નવા આયામો સર કર્યા હોવાનું કહ્યું હતુ. રાજયના સર્વાંગી વિકાસ માટે સર્વગ્રાહી ચર્ચા –વિમર્શ પણ અતિમહ્તવનો ભાગ ભજવતું હોઇ અમારી સરકાર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આરંભેલા સૌના સાથ અને સૌના વિકાસના પથ પર જ આગળ વધી રહી છે.

કોરોના મહામારીમાં કરેલી કામગીરી અંગે મુખ્યમંત્રી શ્રી એ કહ્યુ હતું કે, કોઈપણ આફતમાં ઈમાનદારીથી નિર્ણયો હાથ ધરવામાં આવે તો પ્રજા સરકારની પડખે ઉભી રહે છે. રાજયની પ્રજાએ તાજેતરની ચૂંટણીમાં ૯૦% બેઠકો પર ભાજપાને ભવ્ય અને ઐતિહાસિક વિજય અપાવીને આ વાત પૂરવાર કરી છે.

વિશ્વ અને દેશમાં ૧૦૦ વર્ષે આવેલી મહામારી માં લોક કલ્યાણની જવાબદારી મુખ્યમંત્રી તરીકે જ્યારે મારા શીરે હતી ત્યારે હું પોતાને નસીબદાર સમજૂ છુ કે મને લોકસેવા કરવાની જવાબદારી સોંપવામાં આવી. અમારી સરકારે કોરોના મહામારીમાં દર્દીઓના જીવ બચાવવા માટે તમામ પ્રયાસો હાથ ધર્યા છે. જેના પરિણામે જ અન્ય રાજ્યોની સાપેક્ષે ગુજરાત રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિ આજે નિયંત્રણ હેઠળ છે.જે સમાજના દરેક વર્ગના મળેલ સહયોગના જ પરિણામ છે.

કોરોનાની બીજી લહેરમાંથી મેળવેલા અનુભવોના આધારે રાજ્ય સરકારે કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા તૈયારીઓ આરંભી છે. રાજય સરકાર કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સંપૂર્ણપણે સામનો કરવા સજ્જ છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા રાજયની વિવિધ હોસ્પિટલમાં હવામાંથી ઓક્સિજન ખેંચીં ઓક્સિજન મેળવવાના (જીછ) પ્લાન્ટ સ્થાપિત કર્યા છે .

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી રાજયના તમામ નાગરિકોને કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે કોઈપણ પ્રકારની ચિંતા ન કરીને નિશ્ચિત રહી રાજ્ય સરકારની કોરોના સામેની સલામતી માટેની માર્ગદર્શિકાઓનું પાલન કરવા માટે અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી એ કોંગ્રેસ ના શાસનમાં ટેકાના ભાવે ખેતપેદાશોની જે ખરીદી કરવામાં આવી હતી તેનો જવાબ માંગ્યો હતો. તેમણે આ અંગે "જગત નો તાત રૂવે દીન રાત" કહેવત માટે કોંગ્રેસ જવાબદાર હોવાનું પણ કહ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી એ આ અવસરે પ્રજાને આશ્વસ્થ કરતા કહ્યું હતુ કે, આવતા ઉનાળા સુધી પીવાના પાણી માટે સરકારે સુદ્રઢ આયોજન હાથ ધર્યુ છે. મુખ્યમંત્રીશ્રી એ આ સંદર્ભે વિકાસ સાધવા માટે પ્રામાણિકતાનો અભિગમ અપનાવીને જનસેવા કરવા સૂચન કર્યું હતુ.

મુખ્યમંત્રીશ્રીએ નવનિર્માણ આંદોલનના સંદર્ભ આપતા જણાવ્યુ કે ,યુવાન ઉર્જાથી સભર હોય છે. તેમના માટે તક સર્જવાની જ આવશક્યતા ની જરૂર રહે છે. તેમના યુવા રોજગારી સંદર્ભે ઈનોવેશન અને સ્ટાર્ટના પ્રકલ્પો નો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માં દેશભરમાં ગુજરાત પ્રથમ છે.

ગુજરાતમાં સ્થાપિત ઉધોગો દેશભર માટે મોડલ રૂપ છે અને પ્રધાનમંત્રી શ્રી એ જોયેલા આત્મનિર્ભર ભારતને ખરા અર્થમાં સાર્થક કરે છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે, પ્રજાના પૈસાનો સદઉપયોગ કરવો એ અમારો આગ્રહ હોય છે, પણ વિકાસકાર્યોમાં નાણા ખર્ચવામાં પાછી પાની નહીં કરીએ.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં સીધા વિદેશી મૂડીરોકાણમાં અગ્રેસર હોવાનું જણાવતા કહ્યું કે ગુજરાતમાં સીધા વિદેશી મૂડીરોકાણ(એફડીઆઈ)માં સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે તેના માટે રાજયમાં કાયદો-વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ, માળખાગત સુવિધા અને ભૌગોલિક સ્થિતિ જેવા પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

કોરોનાકાળમાં શાસન અંગેના અનુભવો વર્ણવતા શ્રી નીતિનભાઈએ કહ્યું કે, કોરોનાના સમયમાં પણ જનજીવન પૂર્વવત રહે અને લોકોના ધંધા-રોજગારને અસર ન થાય તેનું રાજ્ય સરકારે પૂરતી કાળજી લીધી હતી. કોરોનાકાળમા પણ ગુજરાતીઓની સાહસિક વૃત્તિના કારણે ઉદ્યોગધંધા ચાલુ રહ્યા, જેના પરિણામે ટેક્સ કલેકશનનું પ્રમાણ ઘણું ઉચું રહ્યું તેમ પણ નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કોક્લેવમાં ઉપસ્થિત નગરજનોને સંબોધતા કહ્યું કે, મહત્તમ રસીકરણના કારણે કોરોનાની સંભવિત ત્રીજી લહેર બહુ ઘાતક નહીં હોય તેમ નિષ્ણાત તબીબોએ જણાવતા મને રાહત થઈ છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી સાથેની ચર્ચામાં આરોગ્ય વિભાગના એસીએસ શ્રી મનોજ અગ્રવાલ, હૃદય રોગના નિષ્ણાત તબીબ ડો. તેજસ પટેલ પણ સહભાગી થયા હતા.

શ્રીમતી વિભાવરીબેન જણાવ્યું હતું કે ગુજરાતના શિક્ષકોનું કાર્ય નું ભારણ ઘટાડવા માટે તે માટે ગુજરાત સરકાર દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ વિકસાવ્યું છે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ શિક્ષણની ઉત્તમ બનાવ્યું છે તો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેને સર્વોત્તમ બનાવવા માટે હંમેશા પ્રયાસરત રહે છે, શિક્ષકો દ્વારા મિશન વિદ્યા થકી શિક્ષણની ગુણવત્તામાં ઘણો સુધારો થયો છે, વિદ્યાર્થીઓનો શિક્ષણનો પાયો કાચો ન રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે,જેdent startup innovation policy સમગ્ર ભારતમાં ગુજરાતી સૌ પ્રથમ ક્રમે છે તો સાથે સાથે સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે શોધ પ્રોજેક્ટ શરૂ કર્યો છે અને બાળકના શિક્ષણનું અભિરુચિ વધે તે માટેના વિશેષ પ્રયાસો શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવે છે તેમજ આજના શિક્ષકે બાળકને નબળું ન કરતા તેમની લર્નિંગ પ્રોસેસ પર વધુ ભાર મૂકવામાં આવે છે.

## ગાંધીનગર જિલ્લાના અધિકારીઓએ

# કલોલના ગ્રામ્યવિસ્તારોમાં રુફટોપ યોજના અપનાવવામાં આવે તે માટે બેઠકોનો દૌર શરૂ કર્યો

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વિસ્તારમાં ખાસ કરીને ગ્રામ્યવિસ્તારના લોકો રૃફટોપ યોજના વિશે સમજે અને વધુમાં વધુ લોકો તેનો લાભ લે તે હેતુથી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કલોલના ગામડાઓમાં આ બાબતે પડાવ નાંખ્યો છે અને ગામડાઓ સૌર ઉર્જાથી ઝળહળે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રૃફટોપ અંગે ગ્રામજનોને માહિતગાર કરીને તેના ફાયદા અંગે પણ વીજ કંપની તથા જિલ્લાના અધિકારીઓ દ્વારા સમજાવવા ખાસ બેઠકોનો દૌર શરૃ કરવામાં આવ્યો છે. કેન્દ્રિય ગૃહ મંત્રી અમિતભાઇ શાહના સંસદીય મતવિસ્તારના કલોલ તાલુકાના ગામડાઓના નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાઇ રહ્યા છે.આ ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ યુજીવીસીએલના અધિકારીઓએ નારદીપુર, પાનસર, સાંતેજ,વડસર, સોજા, બાલવા, શેરીસા, મોટીભોંયણ,પલિયડ,ગોલથરા, નાદરી, ધાનોટ, બિલેશ્વરપુરા,આમજા સહિતના ગામોમાં સરપંચો, સામાજિક - રાજકીય અગ્રણીઓ અને ગ્રામજનો સાથે મીટિંગો યોજી, સોલર રૃફ ટોપ યોજના અપનાવવાના ફાયદા સમજાવ્યા હતા અને રાજ્ય સરકાર શહેરો જેવી સુવિધા ગામડાઓને આપીને સમૃદ્ધ કરવા માગે છે તે અંગે સમજ આપી હતી. અધિકારીઓએ ગામડાઓ સૌર ઊર્જાથી ઝળહળે એ માટેના પ્રયત્નો આદર્યા છે,જેથી લોકોને પણ વીજ બિલમાં ફાયદો થાય.

આ વિસ્તૃત માહિતીનો ગ્રામજનો સહિત સૌ કોઇએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો એટલું જ નહીં, આ યોજનાની માહિતી મેળવ્યા બાદ તરત જ દસેક લોકોએ સોલર રૃફ ટોપ યોજનાનો લાભ લેવા નોંધણી કરાવી હતી. ગાંધીનગરમાં યુજીવીસીએલ થકી સોલર રૃફ ટોપ યોજનાનો અમલ થવાનો છે. એક જ સ્થળેથી યોજનની માહિતી લોકોને મળી રહે તેવું આયોજન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. સરકાર તમારે આંગણે એ સૂત્રને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાર્થક કરી રહ્યા છે.



શ્રી નીતિનભાઈ પટેલે આવનારા દિવસોનું ભવિષ્ય જોઈને એમને વાસ્તવિકતાનું વર્ણન કર્યું છે. આજે અફગાનિસ્તાનમાં જોઈ રહ્યા છીએ કે જેવી ત્યાં સરકાર તૂટી અને જે રીતે તાલીબાનીઓએ તેના પર કબ્જો લીધો છે અને આખી દુનિયામાં તેની અસરો જોવા મળી રહી છે ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અગમચેતી રૂપે જે વાત કરી છે તેની સાથે હું સહમત છું:- શ્રી સી.આર.પાટીલ સાહેબ

# મહીસાગર જિલ્લાના લુણાવાડામા અંગ્રેજો વખતે ચાલતી આગગાડી આઝાદી પછી ગાયબ,પ્રજામા આશ્ચર્ય




મારૂ ગુજરાત ખીલશે ગુજરાત' નયા ભારત. ૨૧ મી સદીનું ભારત . હવે ડિઝીટલ ગુજરાત હશે જેવા સ્લોગન સાથે દિવાલો બોલી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લાની વાત કરીયે તો જીલ્લા ની ૭૦ટકા પ્રજાએ રેલ્વે માર્ગ મુસાફરી તો ઠીક પરંતુ રેલ ગાડી જોઈ પણ નથી એવા પણ લોકો છે.ત્યારે ગુજરાત ની વિધાનસભાની ચૂંટણીના વખતે મંચ ઉપરથી વડોદરા થી લુણાવાડા થી મોડાસા થીજયપુર સુધી અગામી પાચ વર્ષ મા રેલ્વે લાઇન ચાલુ થઇ જશે. અત્યારે પ્રજા નો અવાજ છે કે જ્યારે લુણાવાડા સ્ટેટ્ સ્ટેશન ધમધમતું હતુ. વેપાર રોજગાર જોરદાર ચાલતો હતો તેવું જોયેલા લોકો અત્યારે કહે છે. નાના બાળકો ને કહે છે લુણાવાડા મા રેલ્વે આવતી હતી ત્યારે બાળકો ને નવાઇ જેવુ લાગે છે. ખરેખર અત્યારના લોકોના પ્રતિનિધિ ઓજિલ્લાના જવાબ દારો જેવાકે ધારાસભ્યો. સંસદ સભ્યો એ વિધાનસભા કે સંસદસભ્ય મા રજુઆત કરે તો કદાચ રેલ્વે લાઇન આવે તો જિલ્લામાં વેપાર રોજગાર ખીલે. દેશ માજ્યારે મેટ્રો દોડે છે ત્યારે નેરોગેજ તો ચાલે?

રિપોર્ટ. ભીખાભાઈ માછી મહીસાગર.

## અરવલ્લી-સાબરકાંઠામાં વરસાદી માહોલ

# મોડાસા શહેર સહીત ઠેર ઠેર વરસાદ વરસતા ખેડૂતોના હૈયે ટાઢક, કાચુ સોનુ વરસતા ખેતીને નવજીવન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી-સાબરકાંઠામાં મેઘરાજાએ હાથતાળી આપતા દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે ચોમાસું પુરુ થવા આડે હવે માંડ દોઢેક મહિના કરતા ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે અરવલ્લી ના ચાર તાલુકા અને સાબરકાંઠા ના એક તાલુકામાં પણ ૧૦ ઈંચથી ઓછો વરસાદ નોધાયો છે. જેને લઈ આગામી દિવસોમાં સ્થિતિ કફોડી બની શકે છે કેવા ભણકારા વાગી રહ્યા છે.બંને જીલ્લામાં ખેડૂતોએ લાખ્ખો હેકટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર કર્યા પછી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતીત બન્યા હતા ત્યારે રવિવારે બપોરે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યા પછી વરસાદી ઝાપટા રૂપી મેઘમહેર થતા અને વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે અસહ્ય ગરમી અને બફારાનો સામનો કરી રહેલા લોકોએ રાહત અનુભવી હતી

ઉત્તર ગુજરાતમાં શ્રાવણ મહિનો પણ કોરોધાકોર સડસડાટ કરતો આગળ વધી રહ્યો છે. છતાંય મેઘરાજા આવે તેવા કોઈ એંધાણ નહીં વર્તાતા નબળા ચોમાસાના પગલે ખેડૂતો સહીત પ્રજાજનો સંકટમાં મુકાયા છે ત્યારે રવિવારે બપોરે વાતાવરણમાં એકાએક પલ્ટો આવવાની સાથે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર મેઘ મહેર થતા લાખ્ખો હેકટર ખેતી માટે કાચા સોના રૂપી વરસાદથી ખેડૂતોએ મહદંશે હાશકારો અનુભવ્યો હતો વાતવરણમાં ઉકળાટ અને ગરમી ઓછી થતા લોકોએ ઠંડકનો અહેસાસ અનુભવ્યો હતો બંને જીલ્લામાં આગામી બે ત્રણ દિવસમાં વરસાદ નહીં થાય તો ખેતીને ભારે નુકશાન થઇ શકે છે જળાશયોના તળિયા દેખાતા પીવાના પાણીની સમસ્યા મંડરાઈ રહી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK